# ઓફિસ આસીસ્ટંટની પરીક્ષાના પરિણામ બાદ વિવાદ

## પરીક્ષાના ગુણ જાહેર ન થતા ઉમેદવારોમાં ભારે અસંતોષ

ગાંધીનગર, તા. ૨૨

રાજય સરકાર દ્વારા તાજેતરમાં ખાસ સચિવાલયમાં ઓફિસ આસિસ્ટંટની લેખિત પરીક્ષા યોજાઈ હતી જેની લેખિત પરીક્ષા ગત ૪ જાન્યુઆરીના રોજ લેવામાં આવી હતી અને તેનું પરિણામ તાજેતરમાં ૧૦ ફેબ્રુઆરીના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. પરીણામ લિસ્ટમાં મોટી સંખ્યામાં ચૌધરી સમાજના એક જ પરિવારના ૫ થી ૭ ઉમેદવારો પાસ કરવામાં આવ્યા છે. પરિણામમાં બહુ જ મોટું કૌભાંડ હોવાની આશંકા થઈ રહી છે. બીજી બાજુ અન્ય ઉમેદવારો એ પણ આ સંદર્ભે ઉગ્ર આક્રોશ ની લાગણી વ્યકત કરી હતી અને આ જાહેર થયેલા પરિણામ રદ કરી પારદર્શક રીતે નવી પરિણામ યાદી તૈયાર કરવામાં આવે તેવી માંગ કરી છે.

રાજય સરકાર મારફતે વિવિધ વિભાગો દ્વારા નોકરી માટે ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવે છે પરંતુ આવી પરીક્ષામાં મોટા પાયે ભ્રષ્ટાચાર ફેલાઈ રહ્યો છે. છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર દ્વારા લેવામાં આવેલી ચીફ ઓફિસ, મહેસુલી તલાટી બિન સચિવાલય કલાર્ક, જી.પી.એસ.સી. જેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. તાજેતરમાં જ મહેસૂલી તલાટીમાં રૂ. ૧૦ લાખ લઈ ઉમેદવારોના સેટીંગ કરી આપવાનું બહુ મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. જેથી મોટા મોટા અધિકારી અને મંત્રી સુધીના નામ પણ પ્રકાશમાં આવ્યા હતા. પરંતુ તેમ છતાં ભ્રષ્ટાચારી અધિકારીઓ અને મંત્રી સહિતના નેતાઓએ આ ઘટનાથી કોઈ જ સબક લીધો નથી અને બિન્દાસ પોતાની ભ્રષ્ટાચારની દુકાન ચલાવી રહ્યા છે. ત્યારે રૂપિયા આપી અને નોકરીમાં ઘુસી જનાર ઉમેદવારોને લીધે મહેનત કરનાર ઉમેદવારો નિરાશ થઈ રહ્યા છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર મારફતે મંડળની જા.ક્ર. ૩૯/૨૦૧૪૧૫, સચિવાલય ઓફિસ આસીસ્ટંટની ૨૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી હતી. ઓજસની વેબસાઈટ ઉપર ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી. આ જગ્યાઓની ભરતી પ્રક્રિયા સંદર્ભે રાજય ભરમાંથી અંદાજે બે લાખથી વધુ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પસંદગી મંડળ દ્વારા જાન્યુઆરી-૪ના રોજ સચિવાલય ઓફિસ આસીસ્ટંટની ભાગ-૧ ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. એક માસના ટુંકા ગાળામાં જ આ પરીક્ષાનું પરીણામ મંડળ દ્વારા પ્રસિધ્ધ કરી નાંખવામાં આવ્યું હતું. ચોંકાવનારી વાત તો એ છે કે રાજય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં લેવાયેલી જીપીએસસીની પરીક્ષાનું અને બિનસચિવાલય કલાર્ક પરિણામ હજુ સુધી જાહેર કર્યું નથી અને છેક છેલ્લે લેવાયેલી સચિવાલય આસીસ્ટંટની પરીક્ષાનું પરિણામ એક જ માસ અને છ દિવસમાં પ્રસિદ્ધ કરી નાખ્યું જે ઘટના સ્વાભાવિક પણે શંકા પેદા કરી રહી છે.

જાહેર થયેલ પરિણામના અંતે ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સીની કસોટી માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તા. ૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૫નારોજ મંડળની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ જેમાં કેટેગરી વાઈઝ કટ ઓફ માર્કસના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં સામાન્ય કેટેગરીમાં પુરુષ માટે ૧૫૪ મહિલા માટે ૧૪૬, એસસીબીસી કેટેગરીમાં પુરુષ માટે ૧૫૦.૫૦ મહિલા માટે ૧૪૦, એસ.સી. કેટેગરીના પુરુષ માટે ૧૫૦.૨૫ મહિલાઓ માટે ૧૪૨, એસ.ટી. કેટેગરી માં પુરુષ માટે ૧૩૦.૨૫ મહિલાઓ માટે ૧૨૬.૨૫, શારીરિક રીતે ખોટખાંપણ ધરાવતા ઉમેદવારો માટે ૧૪૩થી ૧૧૩ વચ્ચે અને માજી સૈનિક માટે ૮૧.૨૫ ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવી હતી. પરંતુ આ પરિણામની યાદીમાં કેટલાક ભ્રષ્ટાચારી અધિકારી અને કર્મચારીઓની મીલી ભગતને લીધે યાદીમાં કેટલાક ફેરફારો કરી લોકોના નામ ઘુસાડવામાં આવ્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવી રહ્યા છે. મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી ૬૦૦ ઉમેદવારીની યાદીમાં અંદાજે ૫૦થી વધારે ઉમેદવારો માત્ર એક જ ચૌધરી સમાજના છે. જેમાં એક જ ઘરમાં થી ૫ થી ૭ ઉમેદવારો પાસ કરવામાં આવ્યા છે. જેથી ખરેખર શંકા પેદા થઈ રહી છે. બીજી બાજુ મંડળ દ્વારા માત્ર પાસ થયેલ ૬૦૦ ઉમેદવારોના જ લીસ્ટમાં નામ મુકવામાં આવ્યા છે. જયારે પરીક્ષા આપનાર અન્ય કોઈ જ ઉમેદવારો પાસ કે નપાસ હોય તેના નામ પ્રસિધ્ધ કરવામાં આવ્યા નથી. આથી આ પ્રસિધ્ધ થયેલી મેરીટ યાદી વધુ શંકાશીલ બની રહી છે. પરિણામે આ યાદીને લઈ અન્ય ઉમેદવારોમાં રોષ ફેલાયો છે. અન્ય મંડળ દ્વારા પરીક્ષા આપનાર તમામ ઉમેદવારોના પરીક્ષાના પેપરમાં મેળવેલા ગુણ મંડળની વેબસાઈટ ઉપર મુકવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે. અને આ પરીક્ષાના પરિણામ સંદર્ભે ઉચ્ચ કક્ષાએ લેખિત રજુઆત કરવા અને ન્યાય માટે કોર્ટના દરવાજે જવાની પણ તૈયારી બતાવી છે.

### સેક્ટર-૨૨માં લઘુ રૂદ્રાભિષેક કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા લઘુ રૂદ્રાભિષેકનું મહાપ્રસાદ સાથે આયોજન કરવામાં આવ્યું છે. સ્વ. રસિકભાઈ આર. આચાર્યના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૪૯/૧, આનંદવાટીકા, સેક્ટર-૨૨ ખાતે યોજાશે. જેમાં સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

### સચિવાલય જીમખાનામાં સ્વાઈન ફલુના ઉકાળાનું મફત વિતરણ

ગાંધીનગર, તા. ૨૨

સચિવાલય જીમખાના સે-૨૧ ખાતે આજ રોજ રવિવારે સવારે સંસ્થા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ પૈકી સામાજિક જવાબદારીના ભાગ રૂપે સવારે ૭-૦૦થી ૧૧-૦૦ દરમિયાન સ્વાઈન ફલુના રોગ સામે પ્રતિકાર કરે તેવા આયુર્વેદિક ઉકાળાનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવનાર છે. જેનો લાભ લેવા જીમખાનાના તમામ સભ્યો તથા તેમના કુટુંબના સભ્યોની સાથે સાથે ગાંધીનગરની જાહેર જનતાને જીમખાનાના માનદ મંત્રી હિતેન્દ્ર સેઈલરે અનુરોધ કર્યો છે.

### સેક્ટર-૧ ગાયત્રી મંદિરે ઔષધિય ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં સ્વાઈન ફલુ રોગને અટકાવવા કલેક્ટર દ્વારા નગરની સ્વૈચ્છિક સંસ્થાઓને આગળ આવવા બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સંસ્થાઓને સહયોગ આપવા જણાવ્યું હતું. ગાયત્રી પરિવાર સેક્ટર-૧ દ્વારા વિનામૂલ્યે ઉકાળાનું વિતરણ કરવામાં આવશે. સ્વાઈન ફલુ રોગને અટકાવવા ઔષધીય ઉકાળો ગાયત્રી શક્તિપીઠ સેક્ટર-૧ ખાતે સવારે ૭.૦૦ થી જથ્થો રહેશે ત્યાં સુધી વિતરણ કરવામાં આવશે.



(તસવીર : દિપક જાની)

વાયબ્રન્ટ ગુજરાત : જ્યાં થોડા સમય પૂર્વે વાયબ્રન્ટ સમિટ અને પ્રદર્શનનું આયોજન થયું હતું તેવા સેક્ટર-૧૭માં આવેલ પ્રદર્શન સંકુલની બહાર ઘણા સમયથી અડધીયું કાર પડી રહી છે... અડધીયું ક્યાં ગયું ? બાકી રહેલા આ અડધીયાનો કોઈ રણીધણી છે કે નહિ તેવા અનેક તર્ક-વિતર્ક લોકોમાં ચર્ચાઈ રહ્યા છે...

## સેક્ટર-૮ સમર્પણ કોલેજમાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી

### કોલેજમાં ગ્રંથાલયમાં ગુજરાતી કૃતિઓ અને વિશ્વ સાહિત્યનું પ્રદર્શન યોજાયું : મોટી સંખ્યામાં વિદ્યાર્થી હાજર

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૮ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી



હતી. ગુજરાતી ભાષાની ઉદ્‌ભવની વાત કરવામાં આવી હતી. તેમજ માતૃભાષાનો વ્યાપ વધારનાર કવિઓની તેમજ તેમના દ્વારા રચાયેલ કથાઓનું પઠન કરવામાં આવ્યું હતું.

વિશ્વભરમાં ૨૧મી ફેબ્રુઆરીને માતૃભાષા દિવસ તરીકે મનાવવામાં આવે છે. યુનેસ્કો દ્વારા ૨૧મી ફેબ્રુઆરીને માતૃભાષા દિવસ જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારે સેક્ટર-૮ સ્થિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં લાયબ્રેરી ખાતે માતૃભાષા દિવસની ઉજવણી કરી હતી.

માતૃભાષા દિવસની ઉજવણી પ્રસંગે પ્રો. વૈભવ કોઠારીએ માતૃભાષા દિવસ જાહેર કરવાથી લઈને ઈતિહાસ વર્ણવ્યો હતો. અને તેની ઐતિહાસિક ભૂમિકાથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. પ્રો. સમીર ભટ્ટે ગુજરાતની માતૃભાષા ગુજરાતીના ઉદ્‌ભવની વાત કરી હતી અને હેમચંદ્રાચાર્યથી લઈને ભક્ત કવિ નરસિંહ મહેતા, મીરાંબાઈ, ઉમાશંકર જોષી, શ્રીકૃષ્ણ દવે સહિતના કવિઓનો ફાળો વિશે જણાવ્યું હતું.

આ પ્રસંગે કોલેજના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ માતૃભાષાની ઉત્કૃષ્ઠ કૃતિઓનું સમુહ કાવ્ય પઠન કર્યું હતું. અને પાંચસોથી વધુ જાણીતી ગુજરાતી કૃતિઓ તેમજ ગુજરાતીમાં અનુદીત વિશ્વ સાહિત્યનું પ્રદર્શન યોજયું હતું. કોલેજના આચાર્યા ડૉ. સુચાબેન બ્રહ્મભટ્ટે માતૃભાષા અંગેના વિચારો વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે અંગ્રેજી સહિતની ભાષાઓ આપણી માતૃભાષા ગુજરાતીને ઘમરોળી રહી છે. ત્યારે ગુજરાતના નાગરિકો ગુજરાતી ભાષાનું મહત્વ સમજે અને દરરોજ ગુજરાતી બોલવામાં ગર્વ સમજે તે મહત્વનું છે. માતૃભાષા દિવસથી ઉજવણીથી કોલેજના વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવાર દ્વારા પગલું સરાહનિય છે. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી ડૉ. કિશોરસિંહ સોલંકીએ શુભેચ્છા પાઠવી હતી.




## બ્રેઈન ડેવલોપીંગ વર્કશોપ યોજાયો

નિસર્ગ સાયાન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બ્રેઈન ડેવલોપીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને આંખે પાટા બાંધી છાપુ, કોઈ પણ ભારતીય ચલણની નોટ કેટલાની છે તેને ઓળખતા શિખવાડવામાં આવ્યું હતું. તેની સાથે સાથે થર્ડ આઈ દ્વારા કલર ઓળખતા પણ શીખવાડવામાં આવ્યું હતું.

## રાંધેજાના તબીબ દ્વારા સ્વાઈન ફલુની હોમિયોપેથી દવાનું મફત વિતરણ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના રાંધેજા ખાતે ડૉ. વિજય જોગી દ્વારા સ્વાઈન



ફલુ પ્રતિરોધક હોમિયોપેથી દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમ જેમ સ્વાઈન ફલુથી મૃત્યુ પામતા દર્દીઓનો આંકડો વધતો જાય છે તેમ તેમ લોકોમાં આ રોગ પ્રત્યે ડરનો માહોલ વધતો જાય છે. આ સમયે સેવાભાવી ડોક્ટર વિજય જોગી દ્વારા મફત દવા વિતરણના કાર્યથી લોકોમાં રાહતની લાગણી ફેલાઈ રહી છે.

સ્વાઈન ફલુએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું ત્યારથી સરકારી આરોગ્યતંત્ર આ રોગને નાથવા ખડેપગે લાગી ગયું છે. પરંતુ રોગ હજુ કાબુમાં નથી આવી રહ્યો. આ રોગના ફેલાવાને અટકાવવા વિવિધ પગલા ભરવામાં આવી રહ્યા છે. જેમાં જનજાગૃતિ માટે સેવાકીય સંસ્થાઓની મદદ લેવાઈ રહી છે. આ ઉપરાંત અનેક લોકો સ્વૈછિક રીતે આ અભિયાનમાં પોતાનો ફાળો આપી રહ્યાં છે. રાંધેજાના ડૉ. વિજય જોગી છેલ્લા ૧૦-૧૨ દિવસથી તેમના દવાખાને આવતા તમામ લોકોને સ્વાઈન ફલુ પ્રતિરોધક હોમિયોપેથિક દવાનું મફત વિતરણ કરી રહ્યા છે. ડૉ. જોગી ગાંધીનગરના રહેવાસી છે. અને છેલ્લા ૨૪ વર્ષોથી રાંધેજામાં તબીબ પ્રેકટીસ કરી રહ્યાં છે. તેમના આ સેવાયજ્ઞમાં રાંધેજા ગામના હસમુખભાઈ ભગત, દિલીપભાઈ ભાવસાર, આરાધના રાય વગેરે ગ્રામજનોનો સહકાર મળી રહ્યા છે.



ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજનો સમૂહ લગ્નોત્સવ રાંધેજા માર્કેટયાર્ડ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૭૨ યુગલોએ પ્રભુતામાં પગલા પાડી જીવનની સફરને શરૂ કરી હતી. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે શંકરસિંહ વાઘેલા, વિરોધ પક્ષના નેતા ગુજરાત વિધાનસભા, મહેન્દ્રસિંહ રાણા, મેયર ગાંધીનગર, મહેન્દ્રસિંહ વાઘેલા ધારાસભ્ય, ડૉ. સી.જે. ચાવડા, પૂર્વ ધારાસભ્ય સહિતના અગ્રણીઓ, સંતો મહંતો અને મોટી સંખ્યામાં રાજપૂત સમાજ ઉપસ્થિત રહ્યો હતો.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૯
સૂર્યાસ્ત : ૬.૪૧

### તાપમાન

મહત્તમ : ૩૭.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૨૨ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :

બદલાપુર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૨ :

રોય : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સિટીપલ્સ**

: સ્કીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

રોય : ૧૦.૦૦

સ્કીન-૪ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦

બેબી : ૩.૪૫

સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્કીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦

રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બેબી : ૯.૪૫

### આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

### ચિરવિદાય

- સ્વ. રાણા ભીખુભા નેનભા (ઉ.વ.૯૦) મુ. ધણપ, તા.જી. ગાંધીનગર
- સ્વ. દવે કનુપ્રસાદ મગનલાલ (ઉ.વ.૮૩) પ્લોટ નં. ૭૬૧/૨, સે-૩૦, ગાંધીનગર